## સંક્ષિપ્ત સમાચાર

### નસવાડી ખાતે વિદ્યાર્થીઓમાં રોજગાર લક્ષી તાલીમ અર્થે કાર્યક્રમ યોજાયો



**નસવાડી :** શ્રી.સી એચ ભીલ સરકારી વિનયન અને વાણિજય કોલેજ નસવાડી ખાતે વિદ્યાર્થીઓમાાં રોજગાર લક્ષી ક્ષમતામા વધારો થાય તે હેતુર્થી "ઉદ્દીશા પ્રકલ્પ" અંતર્ગત આચાયગશ્રીના માગગદશગન હેઠળ "તારીખ - ૧૯ / ૪ /૨૦૨૪ થી ના તારીખ - ૨૪ / ૪ /૨૦૨૪ આમ 5 દિવસ કોપ્યુટર તાલીમ "નું આયોજન કરવામાં આવ્યું કોમ્પપ્યુટરના અધ્યાપક્ ભરતસિંહ પરમારએ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી જેમાં વિદ્યાથીઓને M.S OFFICE ,WORD EXCEL,POWER POINT , ACCESS ,DATA ENTRI ,INTERNET સહિત થીયરી તેમજ પ્રેક્ટીકલ જ્ઞાનનું ૩ સેશનમા રસપ્રદ રીતે વિદ્યાથીઓને વિષયલક્ષી જ્ઞાન પૂરું પાડયું હતું આ તાલીમમાં મોટી સખ્યામા વિદ્યાથીઓએ ભાગ લીધો હતો સાથે વિદ્યાથીઓને સટીફીકેટ આપી સન્માનિત કરાયા હતા અને કોમ્પપ્યુટર જ્ઞાન વધક પુસ્તકનું પણ વિતરણ કોલેજના આચાર્ય અને પ્રોફેસરોનાં હસ્તે કરાયું હ

### માલસર ગામે સત્યનારાયણ મંદિરે જવાનો માર્ગ અતિ બિસ્માર બનતા હાલાકી



**શિનોર :** શિનોર તાલુકાના પવિત્ર ધામ માલસર ગામ ના પ્રવેશદ્વાર થી નર્મદા નદી કાંઠે આવેલ શ્રી સત્ય નારાયણ મંદિર સુધી નો માર્ગ સ્ટેટ હાઇવે હસ્તક આવેલો છે.પરંતુ છેલ્લા ઘણા સમયથી સ્ટેટ હાઇવે ના જવાબદાર અધિકારીઓની આળસુમય કામગીરી ને લઈને માર્ગ પર ઠેર ઠેર મસમોટા ખાડા પડી ને અતિ બિસ્માર બની ગયો છે.તેમ છતાં સ્ટેટ હાઇવે તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી ત્યારે શ્રી સત્ય નારાયણ મંદિર તેમજ તેની આજુબાજુ આવેલા અન્ય સુપ્રસિદ્ધ મંદિરો,આશ્રમો ખાતે દર્શનાર્થે આવતાં શ્રધ્ધાળુઓને ગામના પ્રવેશ દ્વારથી મંદિરે પહોંચતા ત્રાહીઆમ પોકારી ઉઠે છે.તેવામાં સત્વરે બિસ્માર બનેલ માર્ગ નુ સમારકામ સ્ટેટ હાઇવે તંત્ર દ્વારા કરવામાં આવે તેવી શ્રધ્ધાળુઓમાં માંગ ઉઠવા પામી છે...

### ડભોઇના યમુના નગરમાં પાણીની લાઇનમાં ભંગાણ, હજારો લિટર પાણીનો વેડફાટ



**તરસાણા :** ડભોઇ યમુના નગર સોસાયટી સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પાસેથી પસાર થતી પીવાના પાણીની પાઇપલાઇનમાં લીકેજ હોવાના કારણે હજારો ગેલન પાણી વેડફાઈ રહ્યું છે અને રોડ ઉપર મોટા ખાડા પડી જવાથી અવર-જવર કરતા વાહન ચાલકો ને મુશ્કેલી પડી રહી છે છેલ્લા કેટલાક દિવસ થી પાઇપલાઇન લીકેજ માંથી પાણી નીકળે છે. ડભોઈ તાલુકાના કરનેટથી આવતી પાણીની પાઇપલાઇનમાં ભંગાણ હોવાને કારણે ઉનાળાની ઋતુમાં માં પીવાનું પાણી વેડફાઈ રહ્યું છે અને પાઇપ લાઇન વહેલી તકે ડભોઇ નગરપાલિકાના વહીવટ પાઇપ લાઇન લીકેજ રીપેરીંગ કરે તો આ વિસ્તારના લોકોને ચોખ્ખું પાણી મળી રહે અને બહારથી વેચાતું પીવાનું પાણી પણ બંધ કરી શકે ત્યારે નગરપાલિકા વહીવટી તંત્ર જાગૃતા દાખવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.


### મુંબઇમાં યોજાયેલી નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં નસવાડી ગામનુ ગૌરવ વધાર્યું

**નસવાડી :** મીની હેન્ડબોલ ચેમ્પિયન શીપ બહેનો તથા ભાઈઓની



નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપ 2023 24 રમતોનું આયોજન મુંબઈ ( મહારાષ્ટ્રા ) મુકામે થયું હતું જેમાં નર્મદા જિલ્લા ડીએલએસએસ શાળા અંબુભાઈ પુરાણી હાઇસ્કુલમાં અભ્યાસ કરી રહેલી નસવાડીની વિદ્યાર્થીની વસાવા હેતાન્શી વિજયભાઈની પસંદગી ગુજરાતની ટીમમાં થઈ હતી અને ગુજરાતની ટીમે આ ચેમ્પિયનશિપમાં બહેનોએ સિલ્વર મેડલ મેળવ્યો હતો આ વિદ્યાર્થીને પોતાના પિતાએ જ રમતનું જ્ઞાન આપ્યું હતું અને દંગલ મુવી જેમ રિયલ લાઇફમાં પણ પિતાએ એક બાળકીને નેશનલ લેવલ સુધી પોહચાડી નસવાડી તાલુકાનું ગોરવ વધાર્યું હતું

# વડોદરા-છોટાઉદેપુર જિલ્લામાં હવામાન પલટાતાં વરસાદી ઝાપટું



શિનોર-સાધલી

**શિનોર :** હવામાન વિભાગની આગાહી મુજબ આજે સવારે શિનોર પંથકમાં એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો.જેને લઈને ભર ઉનાળે સાધલી ગામે વરસાદી ઝાપટા પડ્યા હતા.આજે સવારે વરસેલા કમોસમી વરસાદ ને પગલે ખેતી પાકને નુકશાન થવાની ભીતી સેવાઈ રહી હોય ખેડૂતો ચિંતિત બન્યા છે.ત્યારે ચાલુ વર્ષે અવાર નવાર પડી રહેલા કમોસમી વરસાદ ના કારણે ધરતી પુત્રોની હાલત અંત્યત કફોડી બનવા પામી છે. શિનોર ના સાધલી ગામે વાદળ છાયા વાતાવરણ વચ્ચે વરસેલા કમોસમી વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોને ગરમી ના ઉકળાટ થી આંક્ષિક રાહત થવા પામી છે...



પાદરા

**પાદરા :** પાદરા વડુ પંથકમાં વરસાદના અમી છાંટણા થતા રસ્તાઓ ભીંજાયા હતા વાતાવરણમાં અચાનક બદલાવ આવતા ઠંડો પવન ફૂંકાયો હતો. સવારે ૧૦.૩૦ વાગ્યાના સુમારે વરસાદી છાટા પડ્યા હતા કેટલાક વિસ્તારમાં જાપટું પડ્યું હતું, વરસાદ વધુ પડ્યો હોત તો કેરી સહિત વિવિધ પાકોને નુકસાનની પહોંચવાની ભીતિ સેવાઈ રહી હતી. ગરમીમાંથી આશિક રાહત નો અનુભવ થઈ રહ્યો હતો પાદરા માં અચાનક વાતાવરણ માં બદલાવ આવતા વરસાદી અમી છાંટણા વરસ્યા હતા.કમોસમી વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી. જો કે આજે દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું.



છોટાઉદેપુર

**છોટાઉદેપુર :** છોટાઉદેપુર જિલ્લામાં આજરોજ વહેલી સવારે વરસાદના છાંટા પડ્યા હતા. છેલ્લા બે દિવસથી વાદળ છાયો માહોલ જોવા મળી રહ્યો છે ભારે ગરમી અને અસહ્ય તાપની સાથે સાથે આકાશમાં વાદળો ઘેરાયેલા પણ જોવા મળી રહ્યા છે આજરોજ તારીખ 26/ 4/ 23 ના વહેલી સવારે છોટાઉદેપુરમાં ગાજવીજ સાથે વરસાદ વર્ષો હતો સતત દસ મિનિટ સુધી વરસાદ વરસતા સમગ્ર માહોલ ચોમાસા જેવો થઈ ગયો હતો કમોસમી વરસાદની શરૂઆત થતાં સમગ્ર જિલ્લાના અચરજ ફેલાયું હતું જ્યારે હજુ પણ વાદળછાયુ વાતાવરણ જોવા મળતું હોય અને માવઠાના એંધાણ વર્તાતા હોય જેથી ખેડૂતોમાં ચિંતા નો માહોલ જોવા મળી રહ્યો છે.

### ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટને કારણે બનાવ બન્યો

## કરજણ જૂના બજારમાં સલૂનમાં આગ લાગતા અફરાતફરી મચી



**ધુમાડાના** ગોટેગોટા ઉડતા લોકોના જીવ તાળવે ચોંટ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા,26

વડોદરાના કરજણના જુના બજારમાં હેર કટીંગ સલૂન અને દરજીની દુકાનમાં આગ ભભુકી ઉઠતા અફરાતફરી મચી જવા પામી હતી.

વડોદરા જિલ્લાના કરજણ નગરના જુના બજારમાં વિવેકાનંદ તળાવ પાસે આવેલી હેર કટિંગ સલૂન અને દરજીની દુકાનમાં મોડી રાત્રે ૧:૪૫ ના સમયે આગ ભભુકી ઉઠતા અફરાતફરી સાથે ભારે દોડધામ મચી જવા પામી હતી. આગના પગલે કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં ચડતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર મોડી રાત્રે હેર કટિંગ સલૂન અને દરજીની દુકાનમાં આગ ભભુકી ઉઠી હતી. આગ લાગ્યાની જાણ કરજણ ફાયર વિભાગને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી લાઈટ કનેક્શન દૂર કરી આગ પર કાબૂ મેળવ્યો હતો. ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું.

## વડોદરા જિલ્લામાં દેશી દારૂ બનાવતી ભઠ્ઠીઓ પર દરોડા

(પ્રતિનિધિ) વડોદરા,તા,26

વડોદરા નજીક આવેલા ભાલીયાપુરા ગામની આસપાસ દારૂ ગાળવા માટે ભઠ્ઠીઓ ધમધમી રહી હોવાની વિગતોને પગલે ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબી ઝોન-3 ની ટીમોએ દરોડા પાડ્યા હતા. પોલીસે જુદા જુદા સ્થળે છ ભઠ્ઠી ઝડપી પાડી હતી અને પાંચ આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસે દારૂ ગાળવા માટે ઉપયોગમાં લેવાતા 29,000 લિટર વોશ તેમજ તૈયાર થયેલો 355 દેશી દારૂ, ભઠ્ઠીના સાધનો, દારૂ ભરવાના પીપ વગેરે મળી કુલ રૂ.પોણો લાખની માતા કબજે કરી હતી.પોલીસે પકડેલાઓમાં કિશન રાઠોડ, સંજય તડવી, વિષ્ણુ માળી,બચી ખાન પઠાણ અને રામ લખન ગૌતમનો સમાવેશ થાય છે. ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની ટીમના આ સંયુક્ત ઓપરેશનથી દેશી દારૂ ગાળતા બુટલેગરોમાં ફફડાટની લાગણી વ્યાપી છે.

### છોટાઉદેપુર તાલુકામાં વીજળીની સમસ્યાથી પ્રજા ત્રાહિમામ

## ખેતી માટે સમસયર વીજ પ્રવાહ ના મળતા ખેડૂતોની હાલત કફોડી બની

**ખેતીપાકને** પારાવાર નુકસાન થઇ રહ્યુ છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,26

છોટાઉદેપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારના 20 જેટલા ગામો માં વીજળીની સમસ્યા ખેડૂતોને સતાવી રહી છે ખેતી માટે પૂરતી વીજળી ન મળતા પાણી ખેંચાતું નથી અને ખેતી કામમાં તથા ધંધામાં નુકસાન જઈ રહ્યું છે અને જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. છેલ્લા 20 દિવસથી ખેતીવાડી માટે નિયમિત વીજ પુરવઠો ન મળતા આજરોજ મીડિયા સમક્ષ ખેડૂતોએ પોતાનો રોષ ઠાલવ્યો હતો. અને વીજળી રેગ્યુલર મળે તેવી આશા વ્યક્ત કરી હતી.



અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત વીજ પુરવઠો ન મળવાની ફરિયાદ ઘણા સમયથી પ્રજા કરી રહી છે પરંતુ તંત્ર સદર બાબતે પહોંચી શકતું નથી જે માટે ગ્રામીણ વિસ્તાર ની પ્રજાએ મુખ્ય મથક સુધી રજૂઆત કરવા આવવું પડે છે ગ્રામીણ વિસ્તારના લોકો જણાવી રહ્યા છે કે હેલ્પર ફોન ઉઠાવતા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર તાલુકાના ઘોઘાદેવ, કોલી, ઉખલવાટ, કાછેલ, કાનાવાટ, આંત્રોલી, ચંદુવાટ, દડીગામ, ઝેર, વનાર, જામલા, બરોજ, ધડાગામ, જનિયારા, કુંભાણી, અને ભુમસેલ જેવા ગામોમાં છેલ્લા 20 દિવસથી ખેતીવાડી માટે વીજ પુરવઠો નિયમિત આવતો ન હોવાથી લોકો ફરિયાદ કરી રહ્યા છે ખેડૂતોને પાણી ખેંચવા વીજળીની અત્યંત જરૂર હોય તેવા સમયે કાળઝાળ ગરમીમાં ખેતી કામ માટે વીજ પુરવઠો ન મળતા ખેડૂતોની હાલત કફોડી બની છે. જ્યારે ગામ લોકો રજૂઆત કરે ત્યારે લાઈન ફોલ્ટમાં છે તેવો જવાબ આપવામાં આવે છે. પરંતુ વીજ પ્રવાહ ચાલુ થાય અને થોડાક જ સમયમાં પુનઃ બંધ થઈ જતો હોય જેથી ગામ લોકો કંટાળી ગયા છે જ્યારે તંત્ર દ્વારા રીપેર કરાવવા માટે ની હૈયા ધારણા આપપવામાં આવતી હોય તેમ ગામ લોકો જણાવતા હતા. જ્યારે ખેતીને થતું નુકસાન કોણ ભોગવશે અને કોણ વળતર આપશે તે બાબતે પણ ઘણા પ્રશ્નો ગ્રામીણ વિસ્તારમાં લોકોમાં ઉઠી રહ્યા છે.

### આગામી ચોમાસને ધ્યાને રાખી તંત્ર કોઝવેનુ સમારકામ કરાવે તેવી માંગ

## નસવાડીના વાડીયાથી કુપ્પા જવાના રસ્તા ઉપર કોઝવેનુ ધોવાણ થયું

(પ્રતિનિધિ) નસવાડી,તા,26

નસવાડી તાલુકાના વાડીયા થી કુપ્પા જવાના રસ્તા ઉપર કોઝ વે ની નજીક માં ધોવાણ થઇ ગયેલ છે અને રસ્તા ઉપર વણાંક છે વાહન ચાલક સ્ટેરીંગઉપર નો કાબુ ગુમાવે તો સીધો કોઝ વે ના ખાડા માં પટકાઈ તેવી સ્થિતિ છે જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ કોઝ વે ની બાજુમાં દીવાલ બનાવે અને ખાડા નું પુરાણ કરાવે તેવી માંગ ઉઠી છે નસવાડી તાલુકાના વાડિયા થી કુપ્પા જવાના રસ્તા માં લો લેવલ નો કોઝ વે આવેલો છે જેની બાજુ માં ધોવાણ થયેલ છે અને મોટો ખાડો થઇ ગયેલો છે જયારે આજ રસ્તા ઉપર થી છ જેટલા ગામોના લોકો પસાર થાય છે જયારે



પંચાયત માર્ગ મકાન વિભાગ ના અધિકારીઓ તેની નજીક મા જ 15 કરોડ ના વિકાસ ના કામો ચાલી રહ્યા છે તેની ચેકીંગ માટે હરરોજ જાય છે જયારે બે દિવસ પહેલા જિલ્લા ના કલેક્ટર પણ આ જ રસ્તા ઉપર થી પસાર થયા હતા પરંતુ અધિકારીઓ આવતા હોવા છતાંય કોઝ વે ની બાજુમાં આટલો મોટો ખાડો જોઈ શકતા નથી જયારે કોઈ દુર્ઘટના સર્જાય ત્યારે પરિવાર ના લોકો પોતાનું વાહલ સોયુ સંતાન ગુમાવી દે છે સરકાર લાખો રૂપિયા ખર્ચ ખાડા પુરવા માટે અને રીપેરીંગ કામ માટે દર વર્ષે ખર્ચ પાડે છે પરંતુ અધિકારીઓ આદિવાસી વિસ્તાર માં નાની અમખી પણ કામગીરી કરાવી શકતા નથી નસવાડી તાલુકામાં કરોડો રૂપિયા નો ખર્ચ કરવા છતાંય પ્રજાની સમસ્યાઓ યથાવત રહે છેથોડા સમય પહેલા જિલ્લા કલેક્ટર ગયા હતા અને તેઓની ગાડી ફસાઈ હતી તે જગ્યા ઉપર દસ દસ લાખના નાના નાના એસ્ટીમેન્ટ થી રસ્તા બનાવવામાં આવ્યા હોત તો ઘટના ટળી જતી.

## ડભોઈના ભિલાપુરમાં દરગાહ ખાતે કવ્વાલનું હૃદયરોગના હુમલાથી મોત



(પ્રતિનિધિ) ડભોઈ તા,26

ડભોઈ તાલુકાના ભીલાપુર ખાતે હઝરત બાલમશહિદ પીર દરગાહ ખાતે ૧૧ મો ઉર્ષ ની ઉજવણી કરવામાં આવી રહી હતી જેમાં કવ્વાલ ફરીદ શોલે એ કવ્વાલી ની રમઝટ બોલાવી અનેક જાણીતી કવ્વાલી ઓ ગાઈ પ્રેક્ષકો ને મંત્ર મુગ્ધ કરી રહયા હતા જયાં કવ્વાલી ના અંતિમ પડાવ પર હતી ત્યાં અચાનક જ ફરીદ શોલે ઢળી પડયા અને તાત્કાલિક ૧૦૮ ને બોલાવી વડોદરા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા જયાં ફરજ પરના તબીબો એ ફરીદ શોલેને મૃત જાહેર કરતાં સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગમગીની છવાઈ હતી અને આ બનાવ ને પગલે આખાય તાલુકા માં ગમગીની છવાઈ હતી અને ફરીદ શોલે મૃત્યુ આખાય તાલુકા માં ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું હતું

### યુવકે સગીરવની યુવતીને પટાવી ફોસલાવી લગ્નની લાલચ આપી હતી

## નસવાડીના રતનપુરા ગામની સગીરાને ભગાડી જનારા યુવક સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) નસવાડી,તા,26

નસવાડી તાલુકાના રતનપુરા ગામે સગીરવયની યુવતી રહેતી હતી અને તે જ ગામમાં એક યુવક રહેતો હતો જયારે સગીરવયની યુવતી ફળીયામાં લગ્નપ્રસંગમાં ગઈ હતી ત્યાંથી એક ગામનો યુવક સગીરવની યુવતીને પટાવી ફોસલાવી અને લગ્નની લાલચ આપી બગાડી જતા આખો મામલો ગરમાયો હતો અને યુવક અને યુવતીની શોધખોળ ગામ લોકોએ હાથ ધરી હતી જયારે લાંબા સમય બાદ પણ યુવતી અને યુવક ના મળતા આખરે નસવાડી પોલીસે સ્ટેશનમાં યુવક વિરુદ્ધ યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવી હતી જેને લઈ નસવાડી પોલીસના પી.એસ.આઈ અને બોડેલી સી.પી.આઈ યુવકની શોધખોળ માટે ટીમ બનાવી અલગ અલગ વિસ્તારમાં શોધ ખોળ કરી રહ્યા છે જયારે આદિવાસી વિસ્તારમાં આધુનિક યુગમાં યુવતીઓ ટીવી અને મોબાઈલ ઉપર સિરિયલ અને અલગ અલગ પ્રકારની મુવીઓ નિહાળી રહી છે જેના અનુરૂપ થઈને પ્રેમ પ્રકરણ અને યુવતીઓને ભગાડી લઇ જવાના અનેક બનાવો દિવસે દિવસે વધી રહ્યા છે અને હાલ નાની નાની યુવતીઓ યુવકોની પ્રેમ ઝાલમાં ફસાઈ રહી છે જેને લઇ વાલીઓમાં ચિંતા વધી છે જેને લઈ અલગ અલગ સમાજના લોકો સમાજ સુધારવા માટે અને આવી ઘટનાઓને અટકવાવા માટે કડક નિયમો બનાવી પગલાં ભરી રહ્યા છે હાલ તો નસવાડી પોલીસ કલમ 366 અને 363 હેઠળ ગુનો નોંધી તપાસ હાથધરી છે નસવાડી પોલીસ યુવકને વહેલી તકે શોધી આવી ઘટનાઓને અટકાવવા માટે કડક પગલાં ભરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે તેવી પરિવાર માંગ કરી રહ્યું છે.

### વિધવા સાસુએ અભયમની મદદ લીધી

## સાવલીના મિરજાપુરમાં સાસુને ઘરમાંથી કાઢી મૂકવા વહુનું દબાણ

(પ્રતિનિધિ) સાવલી,તા,26

સાવલીના મિરજાપુર ખાતે રહેતી વૃદ્ધાએ અભયમને કોલ કરીને જણાવ્યું હતું કે, " હું એક વિધવા છું મારા પતિને ગુજરી ગયા ના બે વર્ષ થયા છે. મારો દીકરો છે એ પરણેલી સ્ત્રીને લાવ્યો છે અને તેની સાથે છોકરો પણ લાવી છે. મારી વહુ કહે છે , "તારે આ ઘરમાં નથી રહેવાનું તારા બિસ્તરા પોટલા તૈયાર કરી દીધા છે તારે જ્યાં રહેવું હોય ત્યાં જા. આ અમારું ઘર છે" આ સાંભળતાની સાથે તાત્કાલિક અભયમ ટીમ વૃદ્ધાની મદદે પહોંચ્યા હતા. અને અભયમની ટીમે વહુનું કાઉન્સલિંગ કર્યું કાયદાકીય સમજ આપી ઓલ્ડ સિટિઝન નો કાયદો સમજાવ્યો ત્યારબાદ સમજાવ્યું આ ઉંમરમાં તમારે સેવા કરવાની હોય આવી રીતના તમે ઘરની બહાર નહીં કાઢી શકો અને ઘર એમનું છે આવી રીતના એમના ઘરમાંથી કાઢીને એમને બે ઘર નહીં કરી શકો. આવુ સમજાવતાની સાથે વહુએ માફી માંગી. હવે આવી ભૂલ નહીં કરે તેવુ સ્વીકાર્યુ હતુ.